# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 24-06-2024　　Morning : 7.45 to 7.55
Day : Monday　　National News

## આકાશવાણી સમાચાર નીકિતા શાહ વાંચે છે.

**********************************************

- ✓ 18મી લોકસભાનું પ્રથમ સત્ર આજથી શરૂ થશે – નવા સાંસદો શપથગ્રહણ કરશે
- ✓ કેન્દ્રીય ગૃહમંત્રીએ પૂર વ્યવસ્થાપનની તૈયારીઓ અંગે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી –પૂર વ્યવસ્થાપન માટે નદીઓના જળસ્તરની આગાહી પ્રણાલીને સુધારવાના પ્રયાસો કરવા પર ભાર મૂક્યો
- ✓ નવી દિલ્હીમાં મહત્વપૂર્ણ ખનિજ બ્લોક્સની હરાજીના ચોથા તબક્કાનો આજથી પ્રારંભ થશે
- ✓ વિશ્વ હસ્તકલા પરિષદે જમ્મુ-કાશ્મીરના શ્રીનગર શહેરને "વર્લ્ડ ક્રાફ્ટ્સ સિટી" તરીકે સત્તાવાર માન્યતા આપી છે.
- ✓ મહિલા ક્રિકેટમાં, ભારતે ત્રીજી અને અંતિમ એક દિવસીય મેચમાં દક્ષિણ આફ્રિકાને છ વિકેટથી હરાવી 3-0થી શ્રેણી જીતી લીધી.
- ✓ T-20 ક્રિકેટ વિશ્વકપમાં આજે રાત્રે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે સુપર 8ની મેચ – અન્ય મેચમાં વેસ્ટ ઈન્ડિઝે દક્ષિણ આફ્રિકાને 136 રનનો લક્ષ્યાંક આપ્યો

********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PARLIAMENT SESSION

18મી લોકસભાનું પ્રથમ સત્ર આજથી શરૂ થશે. આ સત્ર દરમિયાન નવા ચૂંટાયેલા સાંસદો શપથ લેશે. કેન્દ્રમાં સતત ત્રીજીવાર રાષ્ટ્રીય લોકતાંત્રિક દળ સરકારની રચના બાદ આ પહેલું લોકસભા સત્ર છે. આ સત્રમાં ભાજપના સાંસદ અને કાર્યકારી અધ્યક્ષ ભર્તુહારી મહતાબ નવા સાંસદોને શપથ લેવડાવશે.

જ્યારે નવા લોકસભા અધ્યક્ષની ચૂંટણી બુધવારે યોજાશે. ગુરુવારે રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુ લોકસભા અને રાજ્યસભાના સંયુક્ત સત્રને સંબોધન કરશે. સંસદનું આ સત્ર આગામી 3જી જુલાઇએ પૂર્ણ થશે.

# SHAH-FLOOD

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પૂર વ્યવસ્થાપન માટે નદીના સ્તરની આગાહી કરવાની પ્રણાલીને સુધારવાના પ્રયાસો કરવા પર ભાર મૂક્યો છે શ્રી શાહની અધ્યક્ષતામાં ગઇકાલે નવી દિલ્હીમાં પૂર વ્યવસ્થાપન તૈયારીઓની સમીક્ષા કરવા માટે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી. બેઠકમાં શ્રી શાહે દેશમાં પૂરના જોખમોને ઘટાડવા માટે વ્યાપક અને દૂરગામી નીતિના અમલીકરણ માટે લાંબા ગાળાના પગલાંની સમીક્ષા કરી.

શ્રી શાહે નિર્દેશ આપ્યો કે, હવામાન વિભાગે કરેલી આગાહી સામાન્ય લોકો સુધી પહોંચાડવા શોર્ટ મેસેજ સર્વિસ, ટેલિવિઝન, એફએમ રેડિયો અને અન્ય માધ્યમોનો ઉપયોગ કરવો જોઈએ. તેમણે વિવિધ વિભાગો દ્વારા વિકસિત હવામાન, વરસાદ અને પૂરની આગાહી સંબંધિત એપ્લિકેશનોને એકીકૃત કરવાની જરૂરિયાતની નોંધ લીધી. શ્રી શાહે કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશની આપત્તિ વ્યવસ્થાપન પ્રણાલી એક પણ જાનહાનિ ન સર્જાય તેવા હેતુ સાથે આગળ વધી રહી છે. તેમણે સેન્ટ્રલ વોટર કમિશન અને હવામાન વિભાગને પૂરની આગાહીમાં ઉપયોગમાં લેવાતા તમામ સાધનોની કામગીરીની તપાસ પૂર્ણ કરવાનો નિર્દેશ આપ્યો હતો.

શ્રી શાહે હિમનદી પૂરના પ્રકોપને પહોંચી વળવા માટેની તૈયારીઓની પણ સમીક્ષા કરી હતી. ગૃહમંત્રીએ રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ- અને પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયને જંગલમાં આગની ઘટનાઓને રોકવા માટે સલામતીનાં પગલાં લેવાનો નિર્દેશ આપ્યો હતો. આ બેઠકમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલ, ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાય, કેન્દ્રીય ગૃહ સચિવ, વિવિધ મંત્રાલયો અને વિભાગોના સચિવો અને વરિષ્ઠ અધિકારીઓએ ભાગ લીધો હતો.

# REV-DUBAI-JAISHANKAR.rtf

વિદેશ મંત્રી ડૉ. એસ.જયશંકરે ગઇકાલે UAE-અબુ ધાબી ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં ભાગ લીધો હતો. અગાઉ તેમણે UAE માં BAPS હિન્દુ મંદિરની પણ મુલાકાત લીધી હતી. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં ડૉ. જયશંકરે કહ્યું કે આ મંદિર ભારતઅને UAE વચ્ચેની મિત્રતાનું પ્રતીક છે. તેમણે કહ્યું કે તે વિશ્વને સકારાત્મક સંદેશ આપે છે અને બંને દેશો વચ્ચેનો સાચો સાંસ્કૃતિક સેતુ છે.

ઉલ્લેખનીય છે કે વિદેશ મંત્રી સંયુક્ત આરબ અમીરાતની સત્તાવાર મુલાકાતે છે. આ મુલાકાત દરમિયાન તેઓ યુએઈના વિદેશ મંત્રી સાથે ભાગીદારીના વ્યાપક મુદ્દાઓ પર બેઠક કરશે. વિદેશ મંત્રાલયે કહ્યું કે આ મુલાકાત ભારત અને UAE વચ્ચેની વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી અને પ્રાદેશિક અને વૈશ્વિક વિકાસની સમીક્ષા કરવાની તક પૂરી પાડશે.

# MINES-AUCTION.rtf

કેન્દ્રીય કોલસા અને ખાણ મંત્રી જી કિશન રેડ્ડી અને કોલસા અને ખાણ રાજ્ય મંત્રી સતીશ ચંદ્ર દુબે આજે નવીદિલ્હીમાં મહત્વપૂર્ણ ખનિજ બ્લોક્સની હરાજીના ચોથા તબક્કાનું ઉદ્ઘાટન કરશે. મંત્રાલયે જણાવ્યું કે આમાં બે સૂચિત ખાનગી તપાસ એજન્સીઓને પ્રમાણપત્ર આપવાનો પણ સમાવેશ થાય છે.

મંત્રાલયે ઉમેર્યું છે કે ખનિજ સંસાધનોના નિષ્કર્ષણની કાર્યક્ષમતા વધારવા અને તેને સક્ષમ ધાતુઓમાં રૂપાંતરિત કરવા માટે સ્ટાર્ટઅપ્સ, સંશોધન અને વિકાસ સંસ્થાઓને અનુદાન માટે મંજૂરી પત્રો આપવામાં આવશે. આ પ્રસંગે, સંશોધન લાયસન્સ ધારકો દ્વારા સંશોધન ખર્ચની આંશિક વળતરની પણ જાહેરાત કરવામાં આવશે. મંત્રાલયે કહ્યું કે દેશના આર્થિક વિકાસ અને ખનિજ સુરક્ષામાં મહત્વપૂર્ણ ખનિજોની મહત્વપૂર્ણ ભૂમિકા છે.

# MID BREAK

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

# SRINAGAR-WORLD-CRAFT-CITY.rtf

જમ્મુ અને કાશ્મીરના શ્રીનગર શહેરને વિશ્વ હસ્તકલા પરિષદ દ્વારા સત્તાવાર રીતે "વર્લ્ડ ક્રાફ્ટ્સ સિટી" તરીકે માન્યતા આપવામાં આવી છે. લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહાએ આ અદ્ભુત સિદ્ધિ માટે અભિનંદન પાઠવ્યા છે અને તેને કારીગરોની સખત મહેનત અને અસાધારણ પ્રતિભાનો પુરાવો ગણાવ્યો હતો.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ જમ્મુ અને કાશ્મીરના હસ્તકલા અને હેન્ડલૂમ ક્ષેત્રને ઘણું પ્રોત્સાહન આપે છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે હવે સાંસ્કૃતિક અને હસ્તકલાના વારસામાં રસ ધરાવતા પ્રવાસીઓ શ્રીનગર તરફ વધુ આકર્ષિત થશે. અગાઉ 2021 માં, શ્રીનગરને હસ્તકલા માટે યુનેસ્કો ક્રિએટિવ સિટી તરીકે પણ માન્યતા આપવામાં આવી છે.

# WEATHER NATIONAL

દક્ષિણ પશ્ચિમ ચોમાસું ગઈકાલે અરબ સાગરના કેટલાક અન્ય ભાગમાં, ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ઓડિશા અને ઝારખંડ તરફ વધી ગયું છે. હવામાન વિભાગે આગામી પાંચ દિવસ સુધી દક્ષિણ ભારતમાં ભારે વરસાદની આગાહી વ્યક્ત કરી છે. જ્યારે ઉત્તરપ્રદેશ, બિહાર, ઝારખંડ અને ઓડિશામાં આગામી પાંચ દિવસ દરમિયાન વાદળ ગરજવા, વીજળીના ચમકારા અને ઝડપી પવનની સાથે વરસાદની શક્યતા છે.

હવામાન વિભાગે જણાવ્યું કે, પૂર્વોત્તર ભારત અને પશ્ચિમ બંગાળમાં આગામી પાંચ દિવસ સુધી ભારે વરસાદની સ્થિતિ યથાવત્ રહેશે. આ તમામની વચ્ચે આજે અને આવતીકાલે પશ્ચિમ ઉત્તરપ્રદેશ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને દિલ્હીના કેટલાક ભાગોમાં ભીષણ ગરમીની સ્થિતિ રહેવાની પણ સંભાવના છે. ત્યારબાદ સ્થિતિમાં પરિવર્તન આવશે.

# BANGAL MODULE

પશ્ચિમ બંગાળ પોલીસનાં વિશેષ કાર્ય દળે બાંગ્લાદેશ સ્થિત આતંકવાદી સંગઠન સાથે કથિત રીતે સંબંધ ધરાવતા છ લોકોની ધરપકડ કરી છે. જેમાં બર્ધમાન જિલ્લાના પાનગઢ વિસ્તારમાંથી એક કૉલેજ વિદ્યાર્થી તેમજ અન્ય પાંચની ધરપકડ કરાઈ છે.

એક વરિષ્ઠ અધિકારીએ કોલકાતામાં પત્રકારોને જણાવ્યું કે, કૉમ્પ્યૂટર સાયન્સના બીજા વર્ષના વિદ્યાર્થીની પ્રતિબંધિત ઇસ્લામી સંગઠન શહાદત-અલ-હિકમા સાથેના સંબંધો અંગે ગઈકાલે સાંજે અટકાયત કરાઈ હતી. પૂછપરછ દરમિયાન મળેલી માહિતીને આધારે એસટીએફના અધિકારીઓએ આ જ જિલ્લામાંથી વધુ પાંચ લોકોની ધરપકડ કરી હતી. અધિકારીએ કહ્યું કે, ધરપકડ કરાયેલ વ્યક્તિ આતંકવાદી સંગઠન માટે પશ્ચિમ અને પૂર્વ બર્ધમાન જિલ્લામાં યુવાનોની ભરતી કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો. આ યુવાન સામે યુએપીએ અને આઇપીસીની કલમો અંતર્ગત કેસ નોંધવવામાં આવ્યો છે. દુર્ગાપુર અદાલતના એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટે આરોપીને એસટીએફની અપીલ પર 14 દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે.

# NEW-WOMEN-CRICKET.rtf

ભારતીય મહિલા ક્રિકેટ ટીમે ત્રીજી અને અંતિમ એક દિવસીય મેચમાં દક્ષિણ આફ્રિકાને છ વિકેટે હરાવી શ્રેણી ૩-0થી જીતી લીધી.  ગઇકાલે બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં દક્ષિણ આફ્રિકાએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો .ભારતની  ઓલરાઉન્ડર દીપ્તિ શર્માએ 27 રનમાં  બે વિકેટ લઈને દક્ષિણ આફ્રિકાની ટીમને 215 રન પર સીમિત રાખી હતી . ભારતની સ્મૃતિ મંધાનાએ માત્ર ૪3 બોલમાં 90 રન ફટકારીને ભારતને આસાન જીત અપાવી હતી.

# REV-T20-WORLD-CUP.rtf

આઈસીસી ટ્વેન્ટી-20 ક્રિકેટ વિશ્વકપમાં હાલમાં સુપર 8ની દસમી મેચ વેસ્ટ ઇન્ડિઝ અને દક્ષિણ આફ્રિકા વચ્ચે રમાઈ રહી છે.

વેસ્ટ ઈન્ડીઝે દક્ષિણ આફ્રિકાને જીતવા માટે 136 રનનો લક્ષ્યાંક આપ્યો છે. ટીમમાંથી સૌથી વધારે 52 રન રેસ્ટોન ચેઝે બનાવ્યા છે. જ્યારે કેયલ મેયર્સે 35, આન્દ્રા રશેલે 15 અને અલઝારી જોસેફે 11 રન બનાવ્યા હતા. દક્ષિણ આફ્રિકાના તબરેઝ શામસીએ 3, માર્કો જાન્સેન, એડન મર્કરમ, કેશવ મહારાજ અને કગીસો રબાડાએ એક-એક વિકેટ લીધી હતી.

જ્યારે આજે રાત્રે 8 વાગે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે સુપર-8ની મેચ સેન્ટ લુસિયા, ગ્રોસ આઈલેટના ડેરેન સેમી નેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં રમાશે.

આ પહેલાં ભારત સુપર 8 સમૂહમાં અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશને હરાવી ચૂકી છે. તેથી, ભારત આજે સળંગ ત્રીજી જીત સાથે સેમિફાઈનલમાં પહોંચવાના લક્ષ્ય સાથે મેદાનમાં ઉતરશે. ગઈકાલે રાત્રે ઈંગ્લેન્ડે અમેરિકાને 10 વિકેટથી હરાવીને સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો છે.

# RUSSIA-DAGESTAN-ATTACK.rtf

રશિયામાં દાગેસ્તાનના કાકેશસ પ્રજાસત્તાકમાં, બંદૂકધારીઓએ કરેલા શ્રેણીબદ્ધ હુમલાઓમાં છ પોલીસ અધિકારીઓઅને એક પાદરીના મોત નિપજ્યાં છે. દાગેસ્તાનના ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું કે સશસ્ત્ર લોકોના એક જૂથે કેસ્પિયન સમુદ્રપર ડર્બેન્ટ શહેરમાં એક મંદિર અને ચર્ચ પર ગોળીબાર કર્યો હતો અને મખાચકલા શહેરમાં પોલીસ ચોકી પર પણ હુમલો કર્યો હતો.

આ હુમલામાં ઓછામાં ઓછા 12 પોલીસ અધિકારીઓ ઘાયલ થયા છે. સરકારી મીડિયા અનુસાર, એક રશિયન પાદરીની પણ હત્યા કરવામાં આવી છે અને ચાર હુમલાખોરો માર્યા ગયા છે. હજુ સુધી કોઈએ હુમલાની જવાબદારી લીધી નથી.